**સંકલનમાં સરથાણા ઝોન વડા અને વરાછાના MLA વચ્ચે ગરમાગરમી**

# ગેરકાયદે બાંધકામ મુદ્દે ધારાસભ્ય કુમાર કાનાણીનો હાઈવોલ્ટેજ ડ્રામા

**ધારાસભ્ય** કુમાર કાનાણીએ ઉપવાસની ચીમકી બાદ વોકઆઉટ કર્યો પરંતુ અધિકારીએ મનાવતા ફરી બેઠકમાં જોડાયા

**મોટા** વરાછામાં સરકારી વસાહત પર બનેલી બાંગ્લાદેશ કોલોનીના ડિમોલિશન માટે માંગ કરી

સુરત : સુરત મહાનગરપાલિકાની ધારાસભ્યો સાથે યોજાયેલી માસિક સંકલન બેઠક શુક્રવારે ગેરકાયદે બાંધકામના મુદ્દે ભારે ગરમાઈ ગઈ હતી. વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી નહીં થતી હોવાનો આક્ષેપ કરી અધિકારીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. રજૂઆત છતાં કોઈ પરિણામ નહીં આવતું હોવાનો આક્ષેપ કરતાં તેમણે ઉપવાસ પર બેસી જવાની ચીમકી આપી બેઠકમાંથી વોકઆઉટ કર્યો હતો. જોકે, મનપાના ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીએ મામલો સંભાળી લીધો હતો તેમણે બહાર બાકડા પર બેસી ગયેલા કુમાર કાનાણીને એનકેન પ્રકારે લગભગ 15 મિનિટ સુધી મનામણા કરતાં તેઓ ફરી બેઠકમાં જોડાયા હતા.

કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે વરાછા સહિત શહેરના અનેક વિસ્તારોમાં ગેરકાયદે બાંધકામનો રાફડો ફાટ્યો છે. રહેણાંક વિસ્તારોમાં બેફામ કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચાલી રહી છે છતાં પાલિકાના અધિકારીઓ યોગ્ય કાર્યવાહી કરતા નથી. વારંવાર રજૂઆત છતાં અધિકારીઓ ગંભીરતા દાખવતા ન હોવાનો આક્ષેપ કરી તેમણે કડક શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી હતી. પુનિતધામ સોસાયટીના ગેરકાયદે બાંધકામો મુદ્દે સરથાણા ઝોનના વડા ડેપ્યુટી કમિશનર નિધી સિવાચે જણાવ્યું હતું કે, કોર્ટ મેટર છે એટલે કંઇ થઇ શકે તેમ નથી ત્યારે કુમાર કાનાણીએ કહ્યું હતું કે કોર્ટ મેટર હોય તો બાંધકામ અટકાવી રાખે તેનું બાંધકામ કેમ ચાલુ છે ?

જો કે સંતોષકારક જવાબ નહી મળતા તેમણે વોકઆઉટ કર્યો હતો.ફરી બેઠકમાં જોડાયા બાદ કાનાણીએ નાના વરાછા ગામતળની સરકારી જમીન પર ઉભી થયેલી બાંગ્લાદેશ કોલોની નામની ગેરકાયદે વસાહત સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ઉપરાંત સણિયા હેમાદ વિસ્તારના કૃષ્ણા પાર્ક ઇન્ડસ્ટ્રિયલ તેમજ કોટેજ ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં થયેલા ગેરકાયદે બાંધકામો સામે પણ તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું હતું. નાસીરનગર ડિમોલિશન મુદ્દે પણ કાનાણીએ મ્યુનિસિપલ કમિશનરને આડે હાથ લેતાં કહ્યું હતું કે આટલું મોટું ડિમોલિશન થઇ જાય અને કમિશનરને તેની જાણ ન હોય તે સ્વીકાર્ય નથી. ધારાસભ્ય સંગીતા પાટીલે તેમના વિસ્તારમાં વરસાદ બાદ રસ્તાઓ તૂટી જવાના મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે તાત્કાલિક મરામત કામગીરી હાથ ધરી લોકોને પડતી મુશ્કેલી દૂર કરવાની માંગ કરી હતી. સાંસદ પ્રભુ વસાવાએ પણ રસ્તાઓ પર પડેલા ખાડાઓ માટે જવાબદાર ઇજારદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ઉપરાંત પુણામાં કેટલીક શાળાઓમાં પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાનો મુદ્દો ઉઠાવી તાત્કાલિક ઉકેલ લાવવા જણાવ્યું હતું.

### અધિકારીઓ ફિલ્ડમાં જતા નથી એટલે રસ્તાઓની હાલત ખરાબ, જવાબદારી નક્કી કરો : સંદીપ દેસાઇ

ધારાસભ્ય સંદીપ દેસાઈએ શહેરમાં વરસાદ બાદ તૂટી ગયેલા રસ્તાઓનો મુદ્દો ઉગ્રતાથી ઉઠાવ્યો હતો. તેમણે વોર્ડ નં. 10, 29 અને 30ના રસ્તાઓ પર પડેલા ખાડાઓના ફોટોગ્રાફ્સ મ્યુનિસિપલ કમિશનરને રજૂ કરી જણાવ્યું હતું કે મોટા ભાગના રસ્તા ડીઆરપી કામગીરી બાદ બેસી ગયા છે. અધિકારીઓ ફિલ્ડમાં હાજર ન રહેતાં ઇજારદારો મનફાવે તેમ કામગીરી કરે છે, જેના કારણે રસ્તાઓ ઝડપથી બિસ્માર બની જાય છે અને લોકોની ફરિયાદો સાંભળવાનો વારો જનપ્રતિનિધિઓને આવે છે.

### નાસીર નગર ડિમોલીશનમાં માત્ર સસ્પેન્શન શા માટે? એફઆઇઆર દાખલ કરો : વિનોદ મોરડીયા

કુમાર કાનાણીએ નાસીર નગર ડિમોલીશનના મુદ્દે કમિશનર સામે નારાજગી વ્યકત કરી ત્યારે તેમની વાતને સમર્થન આપતાં ધારાસભ્ય વિનુ મોરડીયાએ જણાવ્યું હતું કે અનેક પરિવારો ઘરવિહોણા બન્યા છતાં માત્ર અધિકારીઓને સસ્પેન્ડ કરીને જવાબદારી પૂર્ણ થતી નથી. હજુ સુધી જવાબદારો સામે એફઆઈઆર કેમ નોંધાઇ નથી તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

# પોન્ઝી સ્કીમનો મુંબઈનો આરોપી ડુમસમાંથી પકડાયો

**30** કરોડની છેતરપિંડી કરનાર માટુંગાનો રહેવાસી રોશન સેઠ સુરતમાં છુપાયેલો હતો

મુંબઈઃ મુંબઈ પોલીસે શેરબજારમાંથી આકર્ષક વળતરની ખાતરી આપતી પોન્ઝી સ્કીમ દ્વારા 42 રોકાણકારો સાથે આશરે રૂ. 30.26 કરોડની છેતરપિંડી કરવાના આરોપમાં ગુજરાતમાંથી એક 52 વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

સેન્ટ્રલ મુંબઈના માટુંગાના રહેવાસી રોશન ભૂષણ સેઠે કથિત રીતે ભોગ બનનારાઓને તેમના રોકાણ પર માસિક બેથી પાંચ ટકા વળતર આપવાનું વચન આપ્યું હતું.

એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ગયા મહિને સેઠ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો, જેના પગલે સિટી પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (ઈઓડબ્લ્યુ)એ તપાસ શરૂ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, એફઆઈઆર નોંધાયા પહેલા આરોપી લાંબા સમય સુધી ફરાર રહ્યો હતો, ધરપકડથી બચવા માટે તે વારંવાર પોતાની ઓળખ અને લોકેશન બદલતો હતો. તક્નિકી ઈનપુટ્સ અને ગુપ્ત માહિતીના આધારે કામ કરીને ઈઓડબ્લ્યુએ સેઠને સુરતના ડુમસ વિસ્તારમાંથી શોધી કાઢ્યો હતો અને તાજેતરમાં જ ત્યાંથી તેની ધરપકડ કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓપરેશન દરમિયાન આરોપી પાસેથી આશરે રૂ. 1.65 કરોડની રોકડ અને અસ્કયામતો જપ્ત કરવામાં આવી હતી. ઈઓડબ્લ્યુએ કથિત સ્કીમનો ભોગ બનેલા લોકોને એજન્સીનો સંપર્ક કરવા અપીલ કરી છે. એજન્સીએ અસાધારણ રીતે ઊંચા અથવા ગેરંટીડ વળતરનું વચન આપતી પોન્ઝી સ્કીમો અને કપટપૂર્ણ રોકાણ યોજનાઓ સામે લોકોને ચેતવણી આપતી એડવાઇઝરી પણ બહાર પાડી છે.

**વરસાદની સાથે જ લીલની સમસ્યા**



ઉપરવાસમાં પડેલા વરસાદના કારણે તાપી નદીમાં જથ્થાબંધ લીલ તણાઇ આવી છે. જેના કારણે હવે નદી તળાવમાં જેમ લીલ જામે છે તેવી દેખાતી થઇ ગઇ છે. આ લીલના કારણે પાણીની ગુણવત્તા પણ ઘટી જાય છે. **(તસવીર : સતીષ જાદવ)**

# 20 મે પછી રસ્તા ખોદનારા કોન્ટ્રાક્ટરો સામે પગલાં લેવાશે

**નવા** બનેલા રસ્તા બેસી જતાં તંત્ર પર ચોમેરથી ફિટકાર પડતાં સ્થાયી સમિતિ ચેરમેનેલાલ આંખ કરી

સુરતઃ એક સપ્તાહથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, ત્યારે ટ્રેન્ચ બેસવાના અને રસ્તા ધોવાવાના મુદ્દે શનિવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં અધ્યક્ષ રાજન પટેલે સંબંધિત અધિકારીઓને કડક આદેશ આપ્યો છે કે, 20મી મે પછી જે પણ કોન્ટ્રાક્ટરો દ્વારા આડેધડ ખોદાણ કામ કરવામાં આવ્યું છે તેમની સામે કાયદાકીય અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે. શહેરમાં ચોમાસાના આગમન પૂર્વે જ તાજેતરમાં પાણી, ડ્રેનેજ કે અન્ય લાઈનો નાંખ્યા બાદ ઉતાવળે બનાવેલા કરોડો રૂપિયાના રસ્તાઓ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ ગયા છે. રસ્તા પર ઠેર ઠેર ‘ટ્રેન્ચ’ એટલે કે ભૂવા પડવાના અને આખેઆખા રસ્તા પાતાળમાં ગરકાવ થઈ ગયા હોય તેમ બેસી જવાનાં દૃશ્યો સામે આવ્યાં છે. અનેક માર્ગો પરથી પસાર થતાં ભારે વાહનો અને કાર આ બેસી ગયેલા રસ્તામાં ખૂંપી જતાં ગંભીર અકસ્માતો સર્જાયા છે.

ચોમાસાની સત્તાવાર શરૂઆત પહેલા સુરત મહાનગરપાલિકા દ્વારા કાગળ પર તમામ ઝોનના ઈજારદારોને આકરા આદેશ આપીને ખોદકામ બંધ રાખવા જણાવાયું હોવાનો દાવો કરાય છે. તેમ છતાં કોન્ટ્રાક્ટરોએ છેક ચોમાસાની એન્ટ્રી સુધી આડેધડ ખોદકામો ચાલુ રાખ્યા હતા, જેના કારણે શહેરીજનો નરકાગાર જેવી સ્થિતિ ભોગવવા મજબૂર બન્યા છે. જનતાના ઉકળતા રોષ અને સોશિયલ મીડિયા પર મનપાની થઈ રહેલી ભારે ફજેતીને પગલે સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે તંત્રના જવાબદાર અધિકારીઓનો ઉધડો લીધો હતો.

જે રસ્તાઓ બેસી ગયા છે તેના માટે સંબંધિત ઝોનના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની બેદરકારી નક્કી કરી તેમની સામે આકરાં પગલાં ભરવા માટે કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે.

અધ્યક્ષે સ્પષ્ટ ચીમકી આપી છે કે, ગંભીર બેદરકારી દાખવનારા કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવામાં આવે. કારણ કે આવા ઈજારદારોના પાપે શહેરના મોટા ભાગના રસ્તા તેમજ આંતરિક રસ્તાઓ બિસમાર હાલતમાં ફેરવાયા છે અને શાસકોએ જનતા સમક્ષ નીચાજોણું કરવાનો વારો આવ્યો છે.

# વકીલના ફોનની ચીલઝડપમાં બે સ્નેચરને ૧૦ વર્ષની કેદ

**આ** પ્રકારના ગુનાઓ અટકે અને સમાજમાં લોકો સુરક્ષિત રહી શકે તે જોવાની અદાલતની પવિત્ર ફરજ: કોર્ટ

સુરતઃ પુણા પોલીસ મથકની હદમાં પગપાળા જતાં વકીલનો મોબાઈલ ફોન ઝૂંટવી નાસી છૂટવાના ગુનામાં અત્રેની કોર્ટે બે આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી હતી. કોર્ટે ચુકાદામાં ટાંક્યું હતું કે, આ પ્રકારના ગુનાઓ અટકે અને સમાજમાં લોકો સુરક્ષિત રહી શકે તે જોવાની અદાલતની પવિત્ર ફરજ બની રહે છે. શહેરના પુણા વિસ્તારમાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા મૂળ ફરિયાદી સંદીપ મનુભાઈ કાછડીયા તા.૦૧/૦૨/૨૦૨૪ના રોજ રાત્રિના સમયે પુણા પોલીસમથકની હદમાં પુણા-સારોલી રોડ પરથી ફોન પર વાત કરતાં પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પાછળથી એક બાઈક પર ત્રણ અજાણ્યા ઈસમો આવ્યાં હતા અને તેમના હાથમાંથી મોબાઈલ આંચકી ભાગી ગયા હતા. આરોપીઓ પૈકી પાછળ બેસેલા ઈસમે ચપ્પુ બતાવ્યું હોવાથી ફરિયાદીએ તેમનો પીછો કર્યો ન હતો. પુણા પોલીસે આરોપી ગોવિંદ ઉર્ફે ગોયો વાઘજીભાઈ કવાડ અને જયદિપ ઉર્ફે ટોપી કનાભાઈ મકવાણાને ઝડપી પાડ્યા હતા. આ કેસમાં સરકારી વકીલ એમ.કે.બ્રહ્મભટ્ટ અને મૂળ ફરિયાદી તરફે એડવોકેટ અશ્વિન જોગડિયાએ લેખિત દલીલ રજૂ કરી હતી. તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ અદાલતે બંનેને તકસીરવાર ઠરાવી ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

## હોટેલ દુષ્કર્મ કેસમાં નરેશ ભૂવાના જામીન નામંજૂર

સુરતઃ પરિણીતા પર દુષ્કર્મ આચરી અશ્લીલ ફોટા પાડી બ્લેકમેઈલ કરવાના કેસમાં આરોપી નરેશ ઉર્ફે ભુવાજી ચૌહાણની જામીન અરજી સ્પેશિયલ પોક્સો જજ તથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ વિનોદ વાલજીભાઈ પરમારે ફગાવી દીધી હતી. હાલ જેલવાસ ભોગવતાં આરોપી નરેશ ભુવાએ જામીન પર છૂટવા માટે કરેલી અરજીની તરફેણમાં તે નિર્દોષ છે અને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. ફરિયાદ એક વર્ષથી વધુના વિલંબ બાદ નોંધાવવામાં આવી હતી. જ્યારે ફરિયાદ પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે આવા પ્રકારના ગુનાઓમાં સમાજમાં પરિવારની પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને ફરિયાદ નોંધાવવામાં વિલંબ થવો અસ્વાભાવિક નથી.

# ૯૮ લાખની ઠગાઈ કેસમાં સીએ દંપતીની પૂણામાંથી ધરપકડ

**GST** ભરવાને બદલે નાણાં અંગત ઉપયોગમાં લઇ લેતા હતા

**બોગસ** સહી સિક્કા કરી નાણાં ભરાયેલી રસીદ યાર્ન પેઢીને પકડાવી દેતા હતા

સુરતઃ રિંગ રોડની કાપડ માર્કેટના એક જાણીતા ટેક્સટાઈલ વેપારી પાસેથી સરકારી જીએસટી (GST) અને વેટ ટેક્સ ભરવાના બહાને રૂપિયા ૯૮,૦૦,૦૦૦ લાખ પડાવી લઈ નકલી સહી-સિક્કાવાળા દસ્તાવેજો પધરાવી દેવાના કેસમાં સલાબતપુરા પોલીસે સીએ દંપતીની ધરપકડ કરી છે.

સિટીલાઈટ વિસ્તારમાં આશીર્વાદ પાર્ક ખાતે રહેતા સંજયકુમાર જુગલકિશોર શર્મા રિંગ રોડ પર આવેલી એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગમાં રૂંગટા રેયોન ફર્મ નામે યાર્ન અને ટેક્સટાઈલનો મોટો વ્યવસાય ધરાવે છે. તેઓએ વર્ષ ૨૦૧૪થી પોતાની પેઢીના ટેક્સ અને ઓડિટના કામકાજ માટે સીએ રણવીરસિંહ માંગેલાલ ઈન્ધા અને તેમની પત્ની નીરજબેનની નિમણૂક કરી હતી. આ દંપતિ દર વર્ષે જીએસટી તેમજ વેટ ભરવાના બહાને મોટી રકમના ચેક અને ઓનલાઈન ટ્રાન્સફરથી નાણાં પોતાના ખાતામાં જમા કરાવી લેતા હતા. શરૂઆતમાં નાની રકમ સરકારી તિજોરીમાં ભરી બાકીના લાખો રૂપિયા પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખ્યા હતા. વેપારીને શંકા ન જાય તે માટે સરકારી વિભાગના બનાવટી સહી-સિક્કાવાળા કૂટલેખિત દસ્તાવેજો પણ બનાવી આપ્યા હતા. આ બનાવની ફરિયાદ થતાં સલાબતપુરા પોલીસે ગુનો નોંધી સીએ દંપતી રણવીરસિંહ માંગેલાલ ઈન્ધા (ઉ.વ. ૬૨) અને તેમનાં પત્ની નીરજબેન રણવીરસિંહ ઈન્ધા (ઉ.વ. ૫૫) (બંને રહે. ૧૫-૧૬, મોરધ્વજ નીલકંઠ સોસાયટી, પુણાગામ)ની ધરપકડ કરી લીધી છે.

જેલવાસ ભોગવતા નીરજબેને કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. સરકાર પક્ષે એપીપી એસ.આર.ધાકરે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. જ્યારે મૂળ ફરિયાદી પક્ષે એડ્વોકેટ અભિષેક સેઠિયા દ્વારા સોગંદનામું રજૂ કરી જામીનનો વિરોધ કરવામાં આવ્યો હતો. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી મહિલાની જામીન અરજી નામંજૂર કરી હતી.

## મુંબઈમાં ભારે વરસાદને લીધે 3 ફ્લાઇટ સુરત ડાયવર્ટ કરાઇ

સુરત : મુંબઈમાં શનિવારે ભારે વરસાદ, તેજ પવન અને ઘટેલી વિઝિબિલિટીના કારણે મુંબઈ જતી ત્રણ ડોમેસ્ટિક ફ્લાઈટને સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવી પડી હતી. દિલ્હીથી મુંબઈ જતી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ તેમજ રાયપુરથી મુંબઈ અને વારાણસીથી મુંબઈ જતી ઈન્ડિગોની બે ફ્લાઈટને સુરત એરપોર્ટ પર સલામત રીતે ઉતારવામાં આવી હતી. મુંબઈ એરપોર્ટ પર હવામાન અનુકૂળ ન હોવાથી વિમાનોને સુરત તરફ વાળવામાં આવ્યા હતા. ત્યારબાદ હવામાનમાં સુધારો અને વિઝિબિલિટી સામાન્ય થાય તેની રાહ જોતા મુસાફરોને સુરત એરપોર્ટના ટર્મિનલમાં રોકવામાં આવ્યા હતા. એરલાઈન્સ અને એરપોર્ટ તંત્ર દ્વારા મુસાફરો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# લાંચકાંડમાં જેલના સ્ટાફની સંડોવણીની તપાસ થશે

**એસીબીએ** ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા

સુરતઃ લાજપોર જેલમાં કેદીઓના મુલાકાતીઓ પાસેથી લાંચ કેસમાં પકડાયેલા આરોપી પ્રતિકના કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ આપ્યા છે.

રિમાન્ડ અરજીમાં સુરત શહેર એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર કે.જે. ધડુકે જણાવ્યું હતું કે ટ્રેપ દરમિયાન આરોપી પાસેથી રૂ. 51,500ની બિનહિસાબી રોકડ મળી આવી હતી, જેના અંગે તે સંતોષકારક સ્પષ્ટતા કરી શક્યો નથી.

ઉપરાંત પ્રતિબંધિત વિસ્તાર એવા જેલના મુલાકાત ખંડમાં તેને કોની મંજૂરીથી પ્રવેશ મળતો હતો અને લાંચની રકમમાં જેલના કયા અધિકારી, કર્મચારી કે અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે તે અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવાની જરૂર છે.

એસીબીએ કોર્ટને એ પણ જણાવ્યું હતું કે પ્રતિક સસાને અગાઉ વર્ષ 2025માં પણ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ એસીબીના ટ્રેપમાં ઝડપાઈ ચૂક્યો છે. અગાઉનો અનુભવ હોવાથી તે તપાસમાં પૂરતો સહકાર આપતો નથી, જેથી પોલીસ રિમાન્ડ જરૂરી બન્યો છે.

કોર્ટે રજૂ થયેલી દલીલોને ધ્યાનમાં લઈ આરોપીના મંગળવારે સવારે 11 વાગ્યા સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન પોલીસે તેના ભેસ્તાન કેશવનગરના નિવાસસ્થાને પણ સર્ચ હાથધર્યું પણ કંઇ હાથ લાગ્યું ન હતું. હવે રિમાન્ડ દરમિયાન એસીબી લાજપોર જેલના સ્ટાફ સહિત અન્ય સંભવિત સંડોવાયેલા લોકોની ભૂમિકા અંગે સઘન પૂછપરછ કરશે.

## ઉધનામાં પરિવાર ફરવા ગયો ને રિક્ષાચાલકે ફાંસો ખાધો

સુરતઃ ઉધના વિસ્તારમાં પરિવાર બહાર ગયો હોવાનો લાભ લઈને 38 વર્ષીય રિક્ષાચાલકે પોતાના ઘરે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મૂળ મહારાષ્ટ્રના અમલનેરના વતની અને હાલ ઉધનાના વિજયા નગર સોસાયટી વિભાગ-2માં રહેતા પુરુષોત્તમ સયાજી પાટીલ (ઉ.વ.38) રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની વંદનાબેન, એક પુત્ર અને એક પુત્રીનો સમાવેશ થાય છે. શુક્રવારે સાળા પ્રવીણના જન્મદિવસ નિમિત્તે પરિવાર વેડરોડ સ્થિત ગુરુકુળ ફરવા ગયા હતા. આ દરમિયાન ઘરે એકલા રહેલા પુરુષોત્તમે રૂમમાં છતના લોખંડના હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# બમરોલી સાંઈશક્તિ નગરના 300 પરિવારને ઘર ગુમાવવાનો ભય

**વર્ષોથી** વેરા બિલ ભરવા છતાં બિલ્ડરના દબાણનો આક્ષેપ

**નાસીરનગર** જેવી સ્થિતિ ન સર્જાય તેવી માંગ સાથે આવેદનપત્ર

સુરતઃ સુરતના બમરોલી-પાંડેસરા વિસ્તારની સરહદે આવેલા સાંઈશક્તિ નગરના આશરે 300 પરિવારોમાં પોતાના ઘર-આશિયાણા ગુમાવવાની ભીતિ ફેલાઈ છે. વર્ષોથી વસવાટ કરતાં હોવા છતાં હવે જમીન વિવાદના કારણે રહેણાંક વિસ્તાર પર ડિમોલિશનની તલવાર લટકી રહી હોવાનું જણાવી સ્થાનિકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પોતાના રહેઠાણને સુરક્ષિત રાખવાની માંગ કરી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, તેઓ છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારમાં સ્થાયી રીતે રહે છે અને સુરત મહાનગરપાલિકાના પ્રોપર્ટી ટેક્સ, પાણીના બિલ તેમજ વીજળીના બિલ સહિતના સરકારી ચાર્જ નિયમિત રીતે ચૂકવતા આવ્યા છે. તેથી વર્ષો સુધી સરકાર દ્વારા કરવેરો વસૂલ્યા બાદ હવે અચાનક રહેણાંકને ગેરકાયદે ગણાવી કાર્યવાહી થવાની શક્યતા સામે લોકોએ સવાલો ઉઠાવ્યા છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે બમરોલી વિસ્તારના બ્લોક નં. 197 પૈકી 1ની કિંમતી જમીનને લઈને ચાલી રહેલા વિવાદમાં કેટલાક હિતધારકો બિલ્ડરને લાભ થાય તે દિશામાં પ્રયાસ કરી રહ્યા છે. તેમના મતે, જમીનના દસ્તાવેજો અને માલિકીના મુદ્દાને આધારે રહેણાંક વિસ્તાર ખાલી કરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિક આગેવાન મનીષ દેસાઈએ જણાવ્યું હતું કે, સાંઈશક્તિ નગરમાં વર્ષોથી પરિવારો વસવાટ કરે છે અને 2003થી નિયમિત રીતે તમામ સરકારી વેરા ચૂકવવામાં આવે છે. તેમ છતાં હવે જમીનના વ્યવહારોને આધારે રહીશો પર દબાણ કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે આક્ષેપ કર્યો હતો.

કલેક્ટરને રજૂઆતમાં માંગ કરી છે કે સમગ્ર જમીન વિવાદની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જ્યાં સુધી મામલાનો કાયદેસર ઉકેલ ન આવે ત્યાં સુધી કોઈપણ પ્રકારની ડિમોલિશન અથવા બળજબરીપૂર્વક ખાલી કરાવવાની કાર્યવાહી કરવામાં ન આવે. તેમણે સ્પષ્ટ કર્યું કે જરૂર પડશે તો આગામી દિવસોમાં મહાનગરપાલિકા કમિશનરને પણ રજૂઆત કરવામાં આવશે અને લોકશાહી ઢબે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે.

# પુણામાં માટી ધસતાં રાધે કોર્પો.ના જયેશ સૂચકને નોટિસ

**મનપા** દ્વારા ડેવલપર મુકેશ જાની તેમજ સંબંધિત આર્કિટેક્ટ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરને પણ નોટિસ અપાઈ

સુરત : શુક્રવારે સાંજે કુંજ પ્લાઝાથી યોગીચોક જવાના માર્ગ પર રિલાયન્સ જિયો પેટ્રોલ પંપ નજીક ચાલી રહેલા બાંધકામમાં પ્રોટેક્શન વોલ (ડી-વોલ) માટે બેઝમેન્ટનું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન આસપાસની માટી ધસી પડતાં ગુજરાત ગેસની પાઈપલાઈન, ડ્રેનેજ લાઈન, ફૂટપાથ તેમજ વીજળીનો થાંભલો ધરાશાયી થયો હતો. ઘટનાના કારણે સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ ચોમાસાની ઋતુ અને જમીનની સ્થિતિને ધ્યાનમાં રાખીને જરૂરી તકેદારી રાખવામાં આવી હોત તો આ ઘટના ટાળી શકાય તેમ હતી. ઘટનાને ગંભીરતાથી લઈને મનપાએ રાધે કોર્પોરેશનના બિલ્ડર જયેશ સૂચક, ડેવલપર મુકેશ જાની તેમજ સંબંધિત આર્કિટેક્ટ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરને નોટિસ પાઠવી છે. નોટિસમાં સ્ટ્રક્ચરલ એન્જિનિયરના માર્ગદર્શન હેઠળ સ્થળને તાત્કાલિક સુરક્ષિત સ્થિતિમાં લાવવા અને રાહદારીઓની સલામતી સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. સાથે જ ચેતવણી આપવામાં આવી છે કે ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાશે તો તેની સંપૂર્ણ જવાબદારી બિલ્ડરની રહેશે. માટી ધસી પડતી અટકાવવા માટે મજબૂત પ્રોટેક્શન વોલ અથવા સેફ્ટી બેકફિલિંગનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી બાંધકામની આગળની મંજૂરી પણ સ્થગિત રાખવામાં આવશે.

# ફિલ્મી ઢબે પોલીસે પાંડેસરામાંથી ચોરાયેલા દાગીના કબજે લીધા

**બસ** જેવી કાનપુરના પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં ઘૂસી તેવા ચોરો બારીમાંથી કૂદી ભાગી ગયા

સુરતઃ પાંડેસરાની ક્રિષ્ણા જ્વેલર્સમાં લાખોની ચોરી બાદ સુરત પોલીસે આરોપીઓનો ઉત્તર પ્રદેશના કાનપુર સુધી પીછો કર્યો હતો. આરોપીઓ જે બસમાં મુસાફરી કરી રહ્યા હતા તેના ડ્રાઈવરને ફોનથી સંપર્ક કરી સતર્ક કરી બસ નજીકના રાનીયા પોલીસ સ્ટેશન લઈ જવા સૂચના અપાઈ હતી. પોલીસ કમ્પાઉન્ડમાં બસ પહોંચતાં જ બંને આરોપી બસની બારીમાંથી કૂદી ફરાર થઈ ગયા હતા.

બસ ડ્રાઈવરે તેમનો પીછો કરતાં ઝપાઝપી દરમિયાન આરોપીઓ ચોરેલા દાગીના ભરેલો થેલો અને બે મોબાઈલ ફોન સ્થળ પર જ છોડી ભાગી છૂટ્યા હતા. પોલીસે મુદ્દામાલ કબજે કરી લીધો છે. હાલ બંને આરોપી ફરાર છે અને તેમની ધરપકડ માટે સુરત પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ સર્વેલન્સના આધારે શોધખોળ તેજ કરી છે.

જ્વેલરી શોપમાંથી ચોરી કરનારાઓના લોકેશન ટ્રેસ કરતાં જાણવા મળ્યું હતું કે, કામરેજથી મધ્યપ્રદેશ પાસિંગની એસ.કે.ટી. ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં બેસી કાનપુર તરફ ભાગી રહ્યા હતા. આ માહિતી મળતાં જ પાંડેસરા પોલીસ ટ્રાવેલ્સની ઓફિસે પહોંચી હતી. ત્યાંથી બસની વિગતો અને ડ્રાઈવર અમન પંડિતનો મોબાઈલ નંબર મેળવી પોલીસે ચાલતી બસમાં જ તેનો સંપર્ક સાધ્યો હતો, જે તપાસમાં નિર્ણાયક પુરવાર થયો હતો. પોલીસે ડ્રાઈવરને વોટ્સએપ પર બંને આરોપીના ફોટા મોકલી સૂચના આપી હતી કે નજીકના પોલીસ સ્ટેશનમાં બસ લઈ જવી. ડ્રાઈવરે ચાલાકીપૂર્વક કાનપુર નજીક રાનિયા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં બસ લઈ ગયો હતો.

જો કે, પોલીસ સ્ટેશનમાં બસ પ્રવેશી રહી હોવાનું ભાન થતાં બંને આરોપી ચાલુ બસની બારીમાંથી કૂદી ગયા હતા. ડ્રાઈવરે તેમનો પીછો કરી પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

ઝપાઝપી દરમિયાન એક આરોપીના ખભા પરનો થેલો ડ્રાઈવરના હાથમાં આવી ગયો હતો. પકડાઈ જવાની બીકે આરોપી થેલો અને પોતાના બે મોબાઈલ ફોન ત્યાં જ છોડી ભાગી ગયો હતો.